**ગુજરાત ગણોત કાયદાની કલમ ૬૩-એસી હેઠળ સખાવતી હેતુ માટે નોંધાયેલ પબ્લિક ટ્રસ્ટ અને કંપની દ્વારા તા.૩૦/૦૬/૨૦૧૫ કે તે પહેલા ખરીદેલ જમીન બિનખેતી કરવા માટેની અરજી કરવાની તારીખ તા.૨૮/૦૮/૨૦૨૦ના બદલે "સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબ"નો સુધારો કરવા માટેનું બિલ**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયારથી અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવી છે ત્યારથી મહેસૂલ વિભાગના જૂના કાયદાઓ કે જેના થકી પ્રજાને હેરાનગતિ કે વિલંબનો સામનો કરવો પડે અથવા સમયની જરૂરિયાત પ્રમાણે કાયદામાં સુધારો કરવો પડે તેવા કાયદાઓમાં વિવિધ પ્રજાલક્ષી વ્યાપક સુધારાઓ કર્યા છે. આપણા હાલના દૂરંદેશી અને લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી તેઓએ ગુજરાતમાં તેઓએ સખાવતી સંસ્થાઓની પ્રવૃત્તિઓને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું હતું કારણ કે સખાવતી પ્રવૃત્તિઓ એ રામરાજ્યની ભાવનાને ખૂબ સારી રીતે ચરિતાર્થ કરે છે.

માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હકારાત્મક વિકાસશીલ પગલાઓના કારણે ગુજરાતમાં ઉદ્યોગોનો ખૂબ જ વિકાસ થયો છે. જેના લીધે ઉદ્યોગો સી.એસ.આર. એક્ટીવીટી હેઠળ સારૂ એવું ભંડોળ જે તે સખાવતી સંસ્થાઓને દર વર્ષે ફાળવતી હોય છે તેના કારણે સી.એસ.આર. માં સારૂ એવુ ફંડ એકત્રિત થાય છે અને સખાવતી પ્રવૃત્તિઓ વિકસે છે. જે થકી સખાવતી સંસ્થાઓ લોકઉપયોગી પ્રવૃત્તિઓ કરતી હોય છે.

સખાવતી સંસ્થાઓ જેવી કે સ્વામિનારાયણ સર્વોપરી સિધ્ધાંત દિગ્વિજય ટ્રસ્ટ-ગાંધીનગર, સ્થાનકવાસી જૈન સંઘ-મેમનગર, ગુરૂકુળ વિદ્યા શ્રમ ટ્રસ્ટ-ઘુમા, અમૃત એજ્યુકેશન ટ્રસ્ટ-મોરૈયા, વલ્લભ માનવોધ્ધારક મંડલ-અનાવલ ઇસનપુર..... શૈક્ષણિક અને સેવાકિય ક્ષેત્રે ખૂબ જ સુંદર કામગીરી કરી રહી છે.

માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાતમાં મૂડી-રોકાણ આવે તે માટે અને આપણા ગુજરાતનું યુવાધન સારી રીતે અભ્યાસ કરી રોજગારીની શ્રેષ્ઠ તકો મેળવી શકે અને રાજ્યમાં ધંધા રોજગારી વધે, દરેક ઘર સુધી ગુજરાતના વિકાસના ફળો પહોંચે અને દરેક ગુજરાતી તેનો લાભ મેળવે તેવા લોકકલ્યાણના આયોજનો કરેલા છે.

આપણા લોકલાડીલા મુખ્યમંત્રી અને ગૃહના નેતા શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ વધુને વધુ સુધારા કરીને મહેસૂલ વહીવટને વધુમાં વધુ પારદર્શક બનાવ્યો છે. ગુજરાતના ખેડૂતો અને સમગ્ર રાજ્યની પ્રજાને વધુને વધુ ઉપયોગી થાય એ રીતે જ્યારે કામગીરી કરી રહ્યા હોઇ ત્યારે આપ સહુ જાણો છો કે મહેસૂલ વિભાગના અમુક કાયદાઓ અંગ્રેજો અને રાજાશાહી વખતના છે. એવા જૂના કાયદાઓ જેને અત્યારના બદલાતા સમયમાં બદલવા જરૂરી છે. જે બદલવાથી લોકોને હાડમારી ઓછી થાય,પારદર્શકતા આવે અને લોકોને ફાયદો થાય એ માટે આજે અમે આ બિલથી જે સુધારો સૂચવ્યો છે તે હુ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકુ છું :-

- કલમ-૨ : ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩ એએ,
- કલમ-૩ : સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-બી તેમજ
- કલમ-૪ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯-સી

(૧) હેઠળ સખાવતી હેતુ માટે ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ-૧૯૫૦ હેઠળ નોંધાયેલ પબ્લીક ટ્રસ્ટ અથવા સખાવતી પ્રવૃતિઓને ઉતેજન આપવાના ઉદ્દેશ્યથી કંપની એક્ટ-૨૦૧૩ હેઠળ નોંધાયેલ કંપનીએ કલમ-૬૩(૧)ની જોગવાઇનો અમલ નહી કરીને,

તા.30/06/૨૦૧૫ કે તે પહેલા ખેતીની જમીન ખરીદી હોય તેવી સંસ્થાઓએ સુધારેલ અધિનિયમ નં.૨૮/૨૦૧૫ અમલમાં આવ્યાની તારીખથી છ માસમાં પ્રવર્તમાન કૃષિ જંત્રીના ૨૫% રકમ લઈને બિનખેતીની માટે રૂપાંતર કરવા અરજી શકશે તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી.

(૨) ત્યારબાદ સુધારા અધિનિયમ નં. ૧૮/૨૦૧૯થી આવી સંસ્થાઓ કે જે ધાર્મિક, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ક્ષેત્રમાં કાર્યરત હોય, સખાવતી કાર્ય કરતી હોય તેવી સંસ્થાઓ માટે સુધારા કાયદો નં.૧૮/૨૦૧૯ અમલમાં આવ્યાના ૦૧-વર્ષ સુધી બિનખેતીના હેતુ માટે અરજી કરી શકશે અને જંત્રીના

૨૫% ને બદલે ૧૦% મુજબની રકમ વસુલવાની રહેશે તે મુજબનો સુધારો કરવામાં આવેલ હતો.

(3) લોકોની લાગણીઓને ધ્યાને રાખીને ઉક્ત સુધારા કાયદાની જોગવાઇ મુજબ આવી સંસ્થાઓને બિનખેતીના હેતુ માટે અરજી કરવાની તા.૨૯/૦૮/૨૦૧૯ થી તા.૨૮/૦૮/૨૦૨૦ સુધી એટલે કે ૦૧ વર્ષની હતી. પરંતુ વિવિધ કારણોસર આ સમયમર્યાદામાં આ સંસ્થાઓએ અરજી કરી શકેલ ન હતી. આ મુદ્દતમાં એટલે કે તા.30/0૬/૨૦૧૫ કે તે પહેલા ખેતીની જમીન ખરીદી હોય તેવી સંસ્થા/કંપની દ્વારા બિનખેતી અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવા માટે રાજ્યની અલગ-અલગ સખાવતી સંસ્થાઓએ રજુઆત કરેલ છે. જેને ધ્યાને લઇ, હકારાત્મકતા દાખવી સરકારશ્રી આવું વિધેયક લાવી રહેલ છે.

**ઉદ્દેશ્ય :**

- તા.30/0૬/૨૦૧૫ કે તે પહેલા કલમ-૬૩(૧)નો ભંગ કરીને સંસ્થા/કંપની દ્વારા ખરીદેલ ખેતીની જમીનો ચેરીટીના ઉદ્દેશથી કામ/સેવા કરતી સંસ્થા ધર્માદા ફંડ પર આધારિત રહેતી હોય છે. તેથી સંસ્થાએ જમીન બિનખેતી કરાવ્યા બાદ બાંધકામ વિગેરે કરવા માટે તેનુ આર્થિક આયોજન પણ ધ્યાનમાં લેવાનુ રહે છે.

- આમ, કલમ ૬૩-એસી હેઠળની ચેરીટી સંસ્થાઓ માટે કરેલી આ જોગવાઇ જમીનની બિનખેતીની મુદ્દત સાથે સંબંધિત હોવાથી મુદ્દત વધારો આપી શકાય.
- જેથી નિયત કરેલ રકમ ભરીને આવી સંસ્થાઓ બિનખેતી કરાવી શકે અને સખાવતી ઉદ્દેશો આગળ ધપાવી શકે.

જે અનુસંધાને પુખ્ત વિચારણા બાદ કાયદાની ઉક્ત જોગવાઇમાં બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદા સરકારશ્રી વખતોવખત ઠરાવે તે મુજબનો કાયદામાં સુધારો કરવા માટે આ સુધારા બિલ રજુ કરવામાં આવે છે.

(ઉક્ત સુધારો

- ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૩ એસી
- સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૪-બી તેમજ
- ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૮૯ સી માં પણ સમાન રીતે લાગુ પડશે.)
- ઉક્ત વિધેયકની કલમ-૨,૩,૪ માં ઉલ્લેખિત કલમો ૬૩-એસી, ૫૪-બી, ૮૯-સી ની જોગવાઇઓ મુજબ ફક્ત બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદામાં સુધારો કરવા અંગેનું સુધારા બિલ છે. આથી કાયદાના મૂળ હાર્દમાં કોઇ ફેરફાર થતો નથી.

- માનનીય અધ્યક્ષશ્રી આપણે સહુ જાણીએ છીએ કે કોઇ સખાવતી પ્રવૃતિ કરતી શૈક્ષણીક સંસ્થાઓ, ચેરીટેબલ ટ્રસ્ટો, કે સામાજિક સંસ્થાઓ જ્યારે જમીન ખરીદે છે ત્યારે એમને એ ખબર નથી હોતી કે કલમ ૬૩ હેઠળ પરવાનગી લેવાની રહે છે કે કેમ? બિનખેતી પરવાનગી મેળવવાની હોઇ છે કે કેમ? આવી સંસ્થાઓ મહેસૂલી કાયદાઓથી પરિચિત હોઇ એવુ નથી હોતુ.
- આવી સંસ્થાઓ તો સમાજના લોકોના દાન-ફાળા-ફંડ પર આધારિત હોઇ છે.જેથી જ્યારે આ ફંડ ઉપ્લબ્ધ થાય ત્યારે આવી સંસ્થાઓ વિકાસના કામો કરે છે.જેથી બિનખેતી કરવાની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોઇ તેને પાછળની અસરથી પરવાનગી મળી શકતી નથી. જેથી બિનખેતીની પરવાનગી સમયમર્યાદામાં ન મળવાના કારણે તેમના પ્રશ્નોમાં વધારો થાય છે. જેનુ નિરાકરણ લાવવા ઉક્ત સંસ્થાઓની બિનખેતીની અરજી કરવાની સમયમર્યાદામાં સુધારો કરવાનુ બિલ હું રજૂ કરુ છુ અને તે મંજૂર કરવા સભ્યશ્રીઓને વિનંતી કરુ છું તેમજ સરકારશ્રીની આવા સખાવતી કાર્યો કરતાં પરિબળોને પ્રોત્સાહિત કરતાં આવા સંવેદનશીલ નિર્ણયને આવકારવા માટે પણ ઉપસ્થિત સૌને ખરા અંત:કરણથી અનુરોધ કરુ છું.